# Pavavadi Mat Raja Pataine Hamjave Lyrics | Shital Thakor | Ekta Sound

હે મારી પાવાવાળી માત રાજા પતઈને હમજાવે છે
હે મારી પાવાવાળી માત રાજા પતઈને હમજાવે છે
હે ભાન ભૂલેલો પતઈરાજા તો
ભાન ભૂલેલો પતઈરાજા માનો પાલવ ઝાલી બેઠ્યો છે
એતો દારૂના નશામાં માને રાણી હમજી બેઠ્યો છે
મારી પાવાવાળી માત રાજા પતઈને હમજાવે છે

એ માગો માગો રાજા માગો એ આલુ
આલું ઘોડલાંને હાથી ઝૂલતા
હે તારા રાજને શોભાવે એવા
તને દીકરા આપુ પારણે ઝૂલતા
પણ કેવું રાજા માન્યો નહિ
પણ કેવું રાજા માન્યો નહિ
માના રૂપમાં મોહી બેઠ્યો છે
એતો દારૂના નશામાં માને રાણી હમજી બેઠ્યો છે
હે મારી પાવાવાળી માત રાજા પતઈને હમજાવે છે

હો ચાચરના ચોકમાં માંડવડે મેલી
હો ચાચરના ચોકમાં માંડવડે મેલી
ગરબે રમવાને આવો બહુચરમા
શંખલપુરની શેરયુંમાં
હો ગરબે રમવાને આવો બહુચરમા
શંખલપુરની શેરયુંમાં ઓ માં
ચાચરના ચોકમાં માંડવડે મેલી
હો ચાચરના ચોકમાં માંડવડે મેલી

હો આરા તે સુરથી અંબેમા આવીયા
ચોટીલા ગઢથી મારી ચામુંડમા આવીયા
હો આવડ જોગડને તોગડ આવીયા
નાની રે બેનડી ખોડલ પણ આવીયા
હે સૈયરો સંગમાં, સૈયરો સંગમાં
ગરબે રમવા આવો બહુચરમા
શંખલપુરની શેરયુંમાં

હો ચાચરના ચોકમાં માંડવડે મેલી
હો ચાચરના ચોકમાં માંડવડે મેલી
ગરબે રમવા આવો બહુચરમા
શંખલપુરની શેરયુંમાં
શંખલપુરની શેરયુંમાં

હે ઝૂલે ઝૂલે છે ગબ્બરની માય અંબા ઝૂલે છે
હે ઝૂલે ઝૂલે છે ગબ્બરની માય અંબા ઝૂલે છે
હે માને ઝૂલે તે ઝૂલવાની હોશ ઘણી

ભક્તો ઝુલાવે ખમ્મા મા ખમ્મા કહી
ભક્તો ભાળીને માડી હરખાય
અંબા ઝૂલે છે
હે ઝૂલે ઝૂલે છે ગબ્બરની માય અંબા ઝૂલે છે

હે માને સોના તે હડિોળો રત્ને મઢ્યો
અને હીરની તે દોરી એને હરિલે જળ્યો
હો માને સોના તે હડિોળો રત્ને મઢ્યો
અને હીરની તે દોરી એને હરિલે જળ્યો
હે માનો હડિોળો ઝાકમજોળ અંબા ઝૂલે છે
હે ઝૂલે ઝૂલે છે ગબ્બરની માય અંબા ઝૂલે છે.

GujaratiLyrics.com